પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨ | ૨૩ માર્ચ, ૨૦૧૮, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પાકિસ્તાને મિસાઈલ ટ્રેકિંગ સિસ્ટમ ખરીદી

ભારતે બ્રાહ્મોસ મિસાઈલના પરીક્ષણ બાદ સમાચાર આવ્યા છે કે પાકિસ્તાને ચીન પાસેથી એક શક્તિશાળી મિસાઈલ ટ્રેકિંગ સિસ્ટમ ખરીદી છે. જેથી પાકિસ્તાનની સૈન્યશક્તિ વધી છે.

### શહિદોના બાળકોના અભ્યાસનો ખર્ચ સરકાર ઉપાડશે

રક્ષા મંત્રાલયે તેના ટ્વીટર હેન્ડલ પર માહિતી આપી છે કે સરકાર હવે શહિદોના બાળકોના અભ્યાસનો તમામ ખર્ચ ઉપાડશે. અગાઉ રૂ. ૨૦,૦૦૦ મર્યાદામાં સરકાર ખર્ચ આપતી હતી.

### માલદીવમાંથી કટોકટી દુર કરાઈ

માલદીવમાં પાછલા ૪૫ દિવસથી લગાવાયેલી કટોકટીને રાષ્ટ્રપતિએ હટાવી દીધી છે. ગયા મહિને સર્જાયેલ રાજનીતિક અસ્થિરતા બાદ અહી કટોકટી લગાવાઈ હતી.

### રામ મંદિર નિર્માણ અમારો હક : આરએસએસ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે જણાવ્યુ છે કે રામમંદિર નિર્માણનો હક અમારો છે. અન્ય કોઈની દખલગીરી ચલાવી નહી લેવાય.

### ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસનું સફળ પરીક્ષણ કર્યુ

રાજસ્થાનના પોખરણ રેંજમાં દુનિયાની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલ બ્રમ્હોસનું આજે ફરી એકવાર સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું.

# આજે રાજ્યસભાની ૫૯ બેઠકો માટે મતદાન

**ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ચૂંટણી સૌથી રોચક અને પડકારરુપ : ઉત્તરપ્રદેશની કુલ ૧૦ બેઠકો પૈકીની આઠ બેઠકો પર ભાજપ અને એક સીટ પર સમાજવાદી પાર્ટીની જીત નક્કી**



લખનૌ,તા. ૨૨

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે રાજયસભાની ૫૯ સીટ માટે આવતીકાલે ૨૩મી માર્ચના દિવસે યોજાનાર મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. ભાજપ અને અન્ય રાજકીય પક્ષોની પ્રતિષ્ઠા દાવ પર છે. આ ચૂંટણીને લઈનો રાજકીય પારો ફરી ઉપર પહોંચી ગયો છે. રાજ્યસભાની યોજાઈ રહેલી ચૂંટણીમાં સૌથી રોમાંચક ટક્કર ઉત્તરપ્રદેશમાં જોવા મળનાર છે. ઉત્તરપ્રદેશમાંથી આ વખતે કુલ ૧૦ ઉમેદવારો રાજ્યસભામાં પહોંચનાર છે. આમાંતી આઠ સીટ પર ભાજપની અને એક સીટ પર સમાજવાદી પાર્ટીની જીત નક્કી છે. જો કે ઉત્તરપ્રદેશમાં ૧૦મી સીટને લઈને સૌથી વધારે સસ્પેન્સની સ્થિતી છે. હકીકતમાં આ સીટ પર ભાજપના ઉમેદવાર અનિલ અગ્રવાલ અને બહુજન સમાજવાદી પાર્ટીના ભીમરાવ આંબેડકર વચ્ચે સીધી સ્પર્ધા છે. લોકસભા ચૂંટણીમાં બે બેઠકો ગુમાવી ચુકેલી ભાજપ માટે ખુબ સાવધાની રાખવાનો સમય છે. ભાજપ આ સીટને જીતવા માટે ઉત્સુક છે. બીજી બાજુ સમાજવાદી

● અનુસંધાન પાન-૫ પર

## આજથી અણ્ણા હજારેનું દિલ્હીમાં આંદોલન



મુંબઈ,તા.૨૨

દિલ્હીમાં લોકપાલ અને સમગ્ર દેશમાં લોકાયુક્તની નિમણૂક કરવાનું વચન આપ્યા છતાં એનડીએએ ન કર્યું હોવાથી નારાજ સામાજિક કાર્યકર અણ્ણા હજારેએ ૨૩મી માર્ચથી દિલ્હી ખાતે આંદોલન પર ઊતરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે આ નિર્ણય પાછો ખેંચવાનો પ્રસ્તાવ મૂક્યો હોવા છતાં તેમણે પોતે નિર્ણય પર મકક્મ છે, તેમ જણાવ્યું હતું. એનડીએના પ્રતિનિધિ તરીકે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તેમ જ કેબિનેટ પ્રધાન ગિરીશ મહાજન અણ્ણાને મળવા ગયા હતા, પરંતુ તેમણે ઈરાદો બદલવાની ના પાડી દીધી હતી. હજારેએ આ બે માગ ઉપરાંત ખેડૂતોને પેન્શન, ટેકાના ભાવ વગેરે જેવી ઘણી માગ રાખી છે. મહાજને જણાવ્યું હતું કે અમે તેમની માગની ગંભીર નોંધ લીધી છે અને એનડીએ તેમની સાથે ચર્ચા કરવા તૈયાર છે.

અણ્ણાના સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૧૪માં નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનપદ સંભાળ્યું તે બાદ હજારેએ તેમને ૪૩ પત્ર લખ્યા હતા, પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. હજારેએ આંદોલન માટે સ્થળ મેળવવા પણ ૧૬ પત્ર લખ્યા હતા. યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન હજારેએ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન ચલાવ્યું હતું. તે સમયે તેમની સાથે જોડાયેલા આઈએએસ અધિકારી અરવિંદ કેજરીવાલ હાલમાં દિલ્હીના મુખ્ય પ્રધાન છે અને આઈપીએસ અધિકારી કિરણ બેદીએ ભાજપ સાથે જોડાણ કરી લીધું છે.

# ‘મોદીકેર’ ઓક્ટોબરથી અમલી બનશે

**કેન્દ્ર સરકાર ૬૦ ટકા અને રાજ્ય સરકાર ૪૦ ટકા ખર્ચ ઉપાડશે : ૫ લાખ સુધીનો મળશે વિમો યોજના ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી ચાલશે અને કેન્દ્ર સરકાર તેના માટે રૂ. ૮૫,૨૧૭ કરોડનો ખર્ચ કરશે**

ન્યુ દિલ્હી,તા.૨૨

ઓબામા કેરની જેમ મોદી કેરના નામે જાણીતી સ્વાસ્થ્ય સેવા લક્ષી યોજનાને સરકારે મંજૂરી આપી દીધી છે. ગઈકાલે બજેટમાં આ યોજનાને કેબીનેટની મંજૂરી મળી ગઈ છે. આયુષ્માન ભારત હેલ્થ સ્કીમ પર મહોર લગાવી દીધી છે.યોજના માટે કેન્દ્ર સરકાર ૬૦ ટકા અને રાજ્ય સરકાર ૪૦ ખર્ચ ઉપાડશે. આયુષ્માન ભારત યોજના હેઠળ પ્રત્યેક પરિવારને રૂ. પાંચ લાખનો આરોગ્ય વીમા આપવામાં આવશે. તેમાં વળી પરિવારના સભ્યોની સંખ્યા નિર્ધારિત કરાઈ નથી. કયા પરિવારને યોજનાનો લાભ મળશે તેનો નિર્ણય આર્થિક આધારે કરાશે. આ તમામ સારી બાબતો વચ્ચે આરોગ્યક્ષેત્રે અગ્રેસર ગુજરાતમાં મોદીના માદરે વતન વડનગરમાં પણ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સરકાર એક શબવાહિની પૂરી પડાઈ નથી. જેને પગલે મોતનો મલાજો જળવાતો નથી. ડીન દ્વારા એક ખાનગી એજન્સી સાથે કરાર કરી શબવાહીનીની સેવાઓ ઉપલબ્ધ કરાય છે. સરકારે મોદીના માદરે વતનમાં મેડિકલ કોલેજ આપી મોદી સાહેબની વાહવાહી તો મેળવી લીધી છે પણ પ્રાથમિક સુવિધાઓ આપવાની ભૂલી ગયા છે. એક પરિવારને ૫ લાખનો આરોગ્ય વીમો આપતી મોદી કેર યોજના પ્રધાનમંત્રી લાવી રહ્યાં છે પણ સ્થાનિકમાં આરોગ્ય બાબતે વડનગરની પ્રજાને ઠેંગો દેખાડાઈ રહ્યો છે.

કેન્દ્રીય કેબિનેટે નેશનલ હેલ્થ મિશન જારી રાખવાની મંજૂરી આપી છે. યોજના ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી ચાલશે અને કેન્દ્ર સરકાર તેના માટે રૂ. ૮૫,૨૧૭ કરોડનો ખર્ચ કરશે. કેબિનેટની બેઠકમાં સરોગસી (રેગ્યુલેશન) બિલને પણ મંજૂરી આપવામાં આવી છે. સરોગરીને નિયંત્રિત કરવા માટે આ બિલ તૈયાર કરાયું છે. આયુષ્માન ભારત પર દેખરેખ રાખવા માટે એક ઓથોરિટીની રચના કરવાનો પણ પ્રસ્તાવ છે. યોજનામાં આવરી લેવાયેલા પરિવારોને સરકારી તેમજ

● અનુસંધાન પાન-૫ પર

## મોહમ્મદ સમીને ફિક્સિંગના આરોપોથી અંતે મુક્ત કરાયો

**બોર્ડના આદેશ બાદ સમી હવે આઈપીએલમાં ભાગ લઇ શકશે : બોર્ડ દ્વારા ગ્રેડ બીમાં સામેલ કરવાનો પણ નિર્ણય**

નવીદિલ્હી,તા. ૨૨

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે પારિવારિક સમસ્યાનો સામનો કરી રહેલા મોહમ્મદ સમીને મોટી રાહત આપી દીધી છે. સમીને મેચ ફિક્સિંગના ઓરાપમાંથી મુક્તિ આપીને કોન્ટ્રાક્ટમાં પણ સામેલ કરી લેવામાં આવ્યો છે. આનો મતલબ એ થયો કે, સમી હવે આઈપીએલમાં રમી શકશે. બીસીસીઆઈએ આજે નિવેદન જારી કરીને કહ્યું હતું કે, સમીની સામે ફિક્સિંગના મામલામાં તપાસ કરવામાં આવી હતી. તેની સામે કોઈપણ પ્રકારના આરોપ સાબિત થયા નથી. તેને ગ્રેડ બીમાં રાખવાનો નિર્ણય કરાયો છે. ઉલ્લેખનીય છે કે, હસીન જહાંએ ઈંગ્લેન્ડમાં રહેનાર મોહમ્મદભાઈના નામનો ઉલ્લેખ કરીને સમી પર મેચ ફિક્સિંગના આક્ષેપો મુક્યા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા તપાસકારોની ટીમે દિલ્હીના પૂર્વ પોલીસ કમિશનર અને બીસીસીઆઈની ભ્રષ્ટાચાર વિરોધી એકમના અધ્યક્ષ નિરજ કુમાર પાસેથી સમી પર મુકવામાં આવેલા આક્ષેપોમાં તપાસ કરવા માટે કહેવામાં આવ્યું હતું. હવે આ મામલામાં નિરજે રિપોર્ટ રજૂ કરી દીધો છે. તપાસમાં સમીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. બીસીસીઆઈએ તરત જ નોંધ લઈને મોહમ્મદ સમીને વાર્ષિક કોન્ટ્રાક્ટમાં સામેલ કરવાનો નિર્ણય કરી લીધો છે. તે હવે ગ્રેડ બીમાં રહેશે.

આ ગ્રેડમાં સમી ઉપરાંત લોકેશ રાહુલ, ઉમેશ યાદવ, કુલદીપ, યુજવેન્દ્ર ચહેલ, હાર્દિક પંડ્યા અને ઈશાંત શર્મા તેમજ દિનેશ કાર્તિક છે.

## ફેસબુક ડેટા લીક મામલે માર્ક ઝકરબર્ગે યુઝર્સની માફી માંગી

**મારી કંપની યુઝર્સના ડેટા સાચવી ન શકી તેનું મને દુઃખ : ઝકરબર્ગ : ભારત પર અમારું ખાસ ધ્યાન છે કારણકે અહી મોટી ચૂંટણી થવા જઇ રહી છે**



સાન ફ્રાન્સિસ્કો,તા.૨૨

ફેસબુક વિવાદ પર કંપનીના સીઈઓ માર્ક ઝકરબર્ગે પ્રથમ વખત મૌન તોડ્યું છે. માર્કે સ્વીકાર કર્યો છે કે કંપનીએ પાંચ કરોડ યુઝર્સનો ડેટા સુરક્ષિત રાખવામાં ભૂલ કરી છે. જોકે, માર્કે પોતાના યુઝર્સને વચન આપ્યું છે કે તે પોતાના યુઝર્સનો ડેટા સુરક્ષિત રાખવા માટે તમામ પગલાં ભરશે.

ઝકરબર્ગે એક ફેસબુક પોસ્ટ કરતા લખ્યું છે કે, ‘અમે ભૂલો કરી છે, ભવિષ્યમાં આ ભૂલોનું પુર્નરાવર્તન ન થાય તે માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.’ પરંતુ તેમણે કહ્યું તેઓ પોતાના પ્લેટફોર્મ પર એપ્લિકેશનની તપાસની યોજના બનાવી રહ્યા છે. ડેવલપર્સને ડેટા સુધી પહોંચવાની પરવાનગી નહીં આપવામાં આવે. સાથે જ યુઝર્સને એવા ટૂલ્સ આપવામાં આવશે જેની મદદથી તેઓ ફેસબુક ડેટાને સરળતાથી ડિસેબલ (નિષ્ક્રિય કે બંધ) કરી શકવામાં મદદ મળશે.

ફેસબુક પોસ્ટ બાદ ઝકરબર્ગે સીએનએનને ઈન્ટરવ્યૂ આપ્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે, ’લોકો સાથે આ મોટો વિશ્વાસઘાત હતો. મને ખેદ છે કે આવું બન્યું છે. અમારી મૂળભૂત જવાબદારી છે કે લોકોના ડેટાને સુરક્ષિત રાખવામાં આવે.’

ભારતીય ચૂંટણીઓના પ્રશ્ન પર ઝકરબર્ગે કહ્યું કે ફેસબુક ભારત સહિત તમામ દેશોમાં યોજાનાર ચૂંટણીમાં કોઈપણ બહારના તત્વના દખલ પર અંકુશ માટે કેટલાંય પ્રકારના પગલાં ઉઠાવી રહ્યું છે. તેમણે કહ્યું કે તેના માટે ફેસબુક એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટુલથી લઈ ‘રશિયન બૉટ્સ’ની ઓળખ કરવા સુદ્ધાંનો ઉપાય કર્યો છે. ઉલ્લેખનીય છે કે રસિયન બૉટ્સ એ ૨૦૧૭ની સાલમાં ફ્રાન્સની ચૂંટણી અને અમેરિકામાં અલબામાની સેનેટ ચૂંટણીને અસર કરવાની કોશિષ કરી હતી.

## ટેક્સ ફ્રી ગ્રેજ્યુએટીની મર્યાદા વધારીને ૨૦ લાખ કરાઈ

**પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી બિલ સંસદમાં પસાર કરવામાં આવ્યું : ગ્રેજ્યુએટીની મર્યાદા હજુ સુધી ૧૦ લાખની હતી : કાયદામાં સુધારો કર્યા વગર સમય સમયે સરકાર ટેક્સ ફ્રી ગ્રેજ્યુએટીની મર્યાદા હવે વધારી શકશે**

નવીદિલ્હી, તા. ૨૨

સંસદે આજે પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી (સુધારા) બિલ પસાર કરી દીધું હતું. જુના ગ્રેજ્યુએટી કાયદામાં સુધારા કરવામાં આવ્યા બાદ હવે ૨૦ લાખ રૂપિયા સુધીની ગ્રેજ્યુએટી પર કોઈપણ ટેક્સ લાગૂ થશે નહીં. પહેલા આ રકમ ૧૦ લાખ રૂપિયા હતી. આનાથી મોટી સંખ્યામાં લોકોને સીધો ફાયદો થશે. સરકારે લીધેલા આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.સંસદથી પસાર કરવામાં આવેલા સુધારા બિલ મુજબ હવે સરકાર આ કાયદાને સુધારા કર્યા વગર સમય સમય પર ટેક્સ ફ્રી ગ્રેજ્યુએટીની મર્યાદામાં વધારો કરી શકશે. આ ઉપરાંત સરકારને મહિલા કર્મચારીઓના માતૃત્વ રજાના ગાળા દરમિયાન પણ તેમને નોકરી પર આવવા માટેની

સમય મર્યાદા નક્કી કરવાની મંજુરી મળી ગઈ છે. હજુ સુધી ૧૨ સપ્તાહની મેટરનીટી લીવની મંજુરી હતી. પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી બેનિફિટ એક્ટ ૨૦૧૭માં ગ્રેજ્યુએટી ચુકવણી કાયદામાં પણ સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારા મુજબ મહત્તમ માતૃત્વ

● અનુસંધાન પાન-૫ પર

## આજે ભાજપની મહત્વની બેઠક યોજાશે

નવી દિલ્હી,તા. ૨૨

ઉત્તરપ્રદેશમાં ગોરખપુર અને ફુલપુર લોકસભાની પેટાચૂંટણીમાં કારમી હાર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવતીકાલે શુક્રવારે ભાજપની બેઠક બોલાવી છે. આ બેઠક પર તમામ પક્ષોની નજર રહેનાર છે. કારણ કે આ બેઠકમાં એકબાજુ પેટાચૂંટણીમાં થયેલી કારમી હારના પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. સાથે સાથે આગામી ચૂંટણી વધારે આક્રમક રીતે લડવાના તમામ પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ પોતે આ બેઠકનુ નેતૃત્વ કરનાર છે.

ભાજપના તમામ નેતાઓને આ બેઠકમાં હાજરી આપવા માટે કહેવામાં આવ્યુ છે. મિશન ૨૦૧૯ને લઈને આ બેઠક હોવાનુ જાણવા મળ્યુ છે.

પ્રાપ્ત માહિતી મુજબ દીયદયાલ ઉપાધ્યાય માર્ગ સ્થિત નવી ઓફિસમાં આ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં તમામ પ્રધાનોને હાજર રહેવા માટે આદેશ કરવામાં આવ્યો છે. મોદી પોતે આ બેઠકનુ નેતૃત્વ કરનાર છે.

## મોદી ૨૦૧૯માં વારાણસીથી જ ચૂંટણી લડશે

ન્યુ દિલ્હી,તા.૨૨

૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, એવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૯માં પણ વારાણસી બેઠક પરથી લોકસભા ચૂંટણી લડશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ મુદ્દે સ્પષ્ટતા કરી છે.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ
આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા
બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ
કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ
નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર
મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

SWIGGY FOOD DELIVERY APP ફૂડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
March 23 to 31• સવારે ૯ થી સાંજે ૬
જોઈએ છે ફુલટાઈમ / પાર્ટટાઈમ પીકઅપ અને ડિલિવરી પાર્ટનર્સ / ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે)
₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • વાહન • એન્ડ્રોઈડ મોબાઈલ (4.4.2) આધાર • પાન કાર્ડ ડ્રાઈવીંગ લાઈસન્સ • RC બુક જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

LOAN AGAINST PROPERTY
EXCELLENCE THROUGH ENDEAVOURS MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
(LAP) ધંધાની વૃધ્ધી માટે આપની પ્રોપર્ટી સામે લોન મેળવો
પ્રોવિઝન સ્ટોર | હાર્ડવેર શોપ | ઈલેક્ટ્રોનિક શોપ | મેડીકલ શોપ
રિનોવેશન, એક્સટેન્સન માટે 100%* લોન ઉપલબ્ધ
ગાંધીનગર : પ્લોટ નં.895, રાઘેવુડન અને ઈલેક્ટ્રીકલ્સની ઉપર, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સેક્ટર-21, ફોન. 7624002404
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો 079-39827711
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ
"જે સમજે આપના અમૂલ્ય સ્વપનાઓનું મુલ્ય"
*શરતો લાગુ